## છંદ

(1) છંદ એટલે કાવ્યમાં મધુરતા લાવવા માટેના નિયમો અનુસાર કરેલી મેળવાળી રચનાને છંદ કહે છે
છંદના બે પ્રકાર છે. (૧) અક્ષરમેળ છંદ
(૨) માત્રામેળ છંદ.

લઘુઅક્ષર એટલે જે વર્ણમાં હ્રસ્વ સ્વર હોય તેને લઘુ અક્ષર કહે છે. (લઘુની નિશાની U)

ગુરૂઅક્ષર એટલે જે વર્ણમાં રહેલા સ્વર દીર્ઘ હોય તેને ગુરૂ અક્ષર કહે છે. (ગુરૂની નિશાની -)

ગણ એટલે ત્રણ અક્ષરના સમુહને ગણ કહે છે

ગણસુત્ર એટલે છંદના બંધારણ મેળવવા માટે લઘુ-ગુરૂની નિશાની વાળા સૂત્રને ગણ સૂત્ર કહે છે

ગણરચના- લઘુ-ગુરૂ અક્ષરોના બનેલો જુથને ગણ કહે છે આવા આઠ ગણ છે

ગણસૂત્ર - યમાતારાજભાનસલગા

ક્રમ ગણ લઘુ-ગુરૂ બંધારણચિન્હ અક્ષર લઘુ ગુરૂ

| ક્રમ | ગણ | લઘુ-ગુરૂ | બંધારણચિન્હ | અક્ષર | લઘુ-ગુરૂ |
|---|---|---|---|---|---|
| ૧ | ય યમાતા | U | લઘુ - | ગુરૂ | - ગુરૂ |
| ૨ | માતારા | | - ગુરૂ | - ગુરૂ | - ગુરૂ |
| ૩ | તારાજ | - - U | - ગુરૂ | ગુરૂ | - લઘુ |
| ૪ | રા રાજભા | - U | - ગુરૂ | - લઘુ | - ગુરૂ |
| ૫ | જજભાન | U - U | ગુરૂ | - ગુરૂ | - લઘુ |
| ૬ | ભાભાનસ | - U U | ગુરૂ | - ગુરૂ | લઘુ |
| ૭ | નનસલ | UUU | - લઘુ | - લઘુ | - ગુરૂ |
| ૮ | સસલગા | UU | - લઘુ | - લઘુ | - ગુરૂ |
| ૯ | લ લઘુ | U | લઘુ | | |
| ૧૦ | ગા ગુરૂ | - ગુરૂ | | | |

અક્ષરમેળ છંદ :- મનહર, અનુષ્ટુપ, શિખરિણી, મંદાક્રાન્તા,
પૃથ્વી, શાર્દૂલવિક્રીડિત ઇ. છંદ સ્રગ્ધરા,
માત્રામેળ છંદ :- ચોપાઈ દોહરો, હરિગીત અને સવૈયા

* અક્ષરમેળ છંદ *

1) ~~મનહર~~ મનહર છંદ :-

કુલ બે પંક્તિમાં હોય છે, કુલ 31 અક્ષરો હોય છે
પ્રથમ પંક્તિમાં 16 અક્ષર અને બીજી પંક્તિમાં 15
અક્ષરો હોય છે. યતિ 8 મા અને 16 માં અક્ષરે હોય અને
છેલ્લો અક્ષર ગુરુ આવે છે.

(ઉ.દા)
પોતું છે તે વાચ્યું એમાં કરી તે શી કારીગરી,
આ બેઠું વગાડી તો ~~એ~~ હું જાણું કે નું વાજીંછે.
સાંભળી શિયાળ બોલ્યું, દાખે દલપતરામ.
અન્યના એક વળ આપના અઢાર છે.

2) શિખરીણી છંદ :-

કુલ અક્ષર 17 હોય છે, યતિ 6 કે 12 મા અક્ષર આવે છે
5 લઘુ અક્ષર, અને 6 ગુરુ અક્ષર. પ્રથમ અક્ષર
લઘુ, ત્યારપછી પાંચ ગુરુ આવે. બંધારણ :-
યમનસભલગા. (U--/---/UUU/UU-/-UU/U/-)

(ઉ.દા)
કહી મારી પાસે વનવન તણાં હીત કુસુમો.
ઊંડા અંધારેથી પ્રભુ ! પરમ અત્યે તું લઈ જા.
હજી તારો હાસ મુજ કરતલમાં રણઝણે.
નહીં હીંડે, સાંજે ખડખડ બળે ડુંગરવનો.

(3) પૃથ્વી છંદ :-

કુલ અક્ષર ૧૭ હોય છે, યતિ ૮ માં કે ૯ માં અક્ષરમાં આવે છે. ૧૦ લઘુ અક્ષર અને ૭ ગુરુ અક્ષર. પ્રથમ ત્રણ અક્ષર લઘુ-ગુરુ-લઘુ. બંધારણ:- જસજસયલગા (U-U, UU-, U-U, UU-, U--, U, -)

ઉ.દા. મને શિશુતણી ગમે સરળ સ્થિર એ ભરી
અમો ભરતખંડમાં સકલ ભોમ ખૂંદી વળો.

(4) મંદાક્રાન્તા છંદ :-

કુલ ૧૭ અક્ષરો હોય છે, યતિ ૪ અને ૧૦ મા અક્ષરે આવે છે. ૭ લઘુ અક્ષર અને ૧૦ ગુરુ અક્ષર હોય છે. બંધારણ:- મભનતતગાગા (---, -UU, UUU, --U, --U, --) પ્રથમ ત્રણ અક્ષર ગુરુ-ગુરુ-ગુરુ અને અંતિમ બે અક્ષર ગુરુ હોય છે.

ઉ.દા. રે પંખીડાં! સુખથી ચણજો, ગીત વા કાંઈ ગાજો,
રે રે શ્રદ્ધા! ગત ગઈ પછી કાળે ન આવે.

(5) અનુષ્ટુપ છંદ :-

પ્રથમ પંક્તિમાં ૧૬ અક્ષર અને બીજી પંક્તિમાં ૧૬ અક્ષર એમ બે ચરણમાં હોય છે. કુલ ૩૨ અક્ષર હોય છે. આ છંદમાં કુલ ૪ ચરણ આવે છે. દરેક ચરણમાં આઠ અક્ષર હોય છે. આ છંદમાં ગણસૂત્ર નથી. પહેલા અને ત્રીજા ચરણમાં પાંચમો અક્ષર લઘુ અને છઠ્ઠો અક્ષર લઘુ ગુરુ એ સાતમો અક્ષર લઘુ હોય છે. (U- U લઘુ-ગુરુ-લઘુ)

ઉ.દા. સૌંદર્ય વેડફી દેતાં, ના ના સુંદરતાં મળે,
સૌંદર્ય પામતાં પહેલાં, સૌંદર્ય બનવું પડે.
રહેવા દે! રહેવા દે! આ સંહાર યુવાનનો,
દાટ માં કુદરત ખલી, વિશ્વ સૌંદર્ય મળશે.

(૬) શાર્દૂલવિક્રીડિત છંદ :-
કુલ અક્ષર ૧૯ હોય છે, યતિ ૭ અને ૧૨ મા અક્ષરે આવે છે. ૮ લઘુ અક્ષર
૮ લઘુ અક્ષર અને ૧૧ ગુરુ અક્ષર હોય છે. ૮ લઘુ અક્ષર
અને ૧૧ ગુરુ અક્ષર હોય છે. પ્રથમ ત્રણ અક્ષર લઘુ-લઘુ-લઘુ
(– – –) અને છેલ્લો અક્ષર પણ લઘુ હોય છે.
બંધારણ :- મસજસતતગા (– – –, ∪∪–, ∪–∪, ∪, ∪– ∪, –∪,

ઉદા) ના તારો અપરાધ, આમ સજવા જેવો લાગે પથ્થરો.
સાંધાનું યશ પાતળું જમ વિશે તારાશ્રુતિ જીતશે.

(૭) સ્રગ્ધરા છંદ :-
કુલ અક્ષર ૨૧ હોય છે; યતિ ૭-૭-૭ માં અક્ષરે આવે
છે. ~~લઘુ~~ ૯ લઘુ અક્ષર અને ૧૨ ગુરુ અક્ષર હોય છે.
પ્રથમ ત્રણ અક્ષર લઘુ-લઘુ-લઘુ (– – –) અને છેલ્લા
ત્રણ અક્ષરો ગુરુ-લઘુ-લઘુ (∪ –)
બંધારણ :- મરભનયયય (– – –, – ∪ –, – ∪∪, ∪∪∪, ∪ – –,
∪ – –, ∪ – –)

ઉદા)
ઝંઝાવાતે ગુમાવ્યું ઘુમવી ઓરસ વિતલમાં એક આકાશ
કીધું.
હૈયાંને માનવીના મધુમિલન તણા સ્થાન સંકેત જેવાં.

(૮) માલિની છંદ :- કુલ અક્ષર ૧૫ હોય છે, યતિ ૮ મા અક્ષર
આવે છે. બંધારણ :- નનમયય (∪∪∪, ∪∪∪, – – –, ∪ – –, ∪ – –)
પ્રથમ અને બીજા ત્રણ ગુરુ-ગુરુ-ગુરુ (∪∪∪)
અને ત્રણ અક્ષરો ગુરુ-લઘુ, લઘુ (∪ –)

ઉદા) સરળ હૃદય ઈશ પાપને પ્રેમ પાવા.

(૯) વસંત તલિકા છંદ :-
કુલ ૧૪ અક્ષર હોય છે. યતિ ૮મા અક્ષરે આવે છે.
બંધારણ :- તભજજગાગા (-U, -U, U, U-U, U-U, -, -)
છેલ્લા બે લઘુ આવે (ઉદા)

હારા ગંગા વહું ભિખારી ભકુ કરે છે.

* માત્રા મેળ છંદ *

(૧) હરિગીત છંદ :-
દરેક ચરણમાં માત્રા-૨૮, યતિ-૧૪ અને ૨૮મી માત્રાએ છેલ્લો અક્ષર ગુરુ હોય.

ઉ.દા.
ચળકાર તારો એ જ પણ તું જ જુની તલપાપડે
કે પીધતું તે મારતું શું એ નવ કેમ કુદરતી.

(૨) ચોપાઈ છંદ :-
કુલ ચાર ચરણ, દરેક ચરણમાં ૧૫-૧૫ માત્રાએ યતિ આવે છે. છેલ્લા બે અક્ષર લઘુ હોય.

ઉ.દા.
મેં મેં રે મોરાના બોલ, ઉજ્જ પડે બાજ્યું ઢોલ.
આકાશે તારાની ભાત, સર્જી તો ક્યાં સર્જનહાર.

3) દોહરો છંદ:-
કુલ ૪ ચરણ, પહેલા અને ત્રીજા ચરણમાં ૧૩ માત્રા અને બીજા અને ચોથા ચરણમાં ૧૧ માત્રા હોય.

ઉ.દા.

દીપકના બે દીકરા, કાજળને અજવાશ.
એક કપૂત કાળું કરે, બીજો દિયે પ્રકાશ.
ચિંતાથી ચતુરાઈ ઘટે, ઘટે રૂપ ગુણ જ્ઞાન,
ચિંતા બડી અભાગણી, ચિંતા ચિતા સમાન.

(4) સવૈયા છંદ:-
એકત્રીસ કે બત્રીસ માત્રા આવે, યતિ ૧૬ મી કે ૧૭ મી માત્રાએ કુલ ચાર ચરણમાં ૨૮ માત્રા
છેલ્લા અક્ષરો અનુક્રમે ગુરુ લઘુ કે બે ગુરુ

ઉ.દા.

અંતરની એકરૂપ પરખી પડે ઈશ્વરી ચેતનરૂપ?
અલખ અરૂપ અનંતતા તડકો ચૈતરફ વીંઆયો જી.

(5) ઝૂલણા છંદ:-
કુલ ચાર ચરણ, ૧૦, ૨૦ અને ૩૦ માત્રાએ યતિ આવે ૩૭ માત્રા આવે.

ઉ.દા.

તુજ વિના ધેનમાં કોણ જાશે?
જાગને જાદવા કૃષ્ણ ગોવાળિયા.